જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૫/૮/૨૦૧૫ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૧૫૭૩/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૩ કેસ કરી ૪૨ વ્યક્તિઓને ઝડપી, ૯૨૨ લીટર દેશી દારૂ, ૧૪૨૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૧ સ્કુટર અને ૦૨ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૮ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૧,૦૨,૪૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૫૭૪/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૪૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૧૫૭૫/૧૫**

**ઘાટલોડીયા :** પરમાનંદ માતાપ્રસાદ શુક્લા (ઉવ.૬૫)(રહે.હરિઓમ નિવાસ, લક્ષ્મી ટ્યુબવેલ, સામે, હરિપુરા સોસાયટી, મણિનગર પુર્વ) એ તા.૪/૮/૧૫ નારોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે માહે માર્ચ -૨૦૧૫ થી તા.૧૫/૭/૧૫ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી લોક વિચાર સેવા ટ્રસ્ટના સંચાલકો (૧) દીપક ઉર્ફે દક્ષેશ નથુભાઇ પટેલ (૨) નથુભાઇ મોહનભાઇ પટેલ (બંને રહે, સૌદર્ય નિહાર, વિભાગ-૧, સ્વામીનારાયણ મંદિર પાસે, ઘાટલોડીયા) એ ભેગામળી મેમનગર સુભાષચોક એવન સ્કુલની બાજુમાં, હાવી કોમ્પ્લેક્ષમાં લોક વિચાર સેવા ટ્રસ્ટની ઓફિસ નંબર ૪૦૬ ખાતે, કૈલાસ માનસરોવર તથા રામેશ્વર યાત્રાનું આયોજન કરી, પરમાનંદ શુક્લા તેમજ અન્ય સભ્યો પાસેથી રૂપિયા ૩૫,૦૦,૦૦૦/- મેળવી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.એન.બારીયા ચલાવે છે.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૧૫૭૬/૧૫**

**માધવપુરા :** ભગીરથભાઇ કાંતીલાલ દેસાઇ સુવિધાપાર્ક ફ્લેટ, નવા માધવપુરા માર્કેટ સામે, શાહીબાગ) એ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩/૮/૧૫ રાતનાં ૯/૩૦ થી તા.૪/૮/૧૫ સવારનાં ૭/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના તથા સાહેદનાં મકાનનાં દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, સોના-ચાંદીનાં દાગીના અને રોકડ રૂપિયા ૧૭,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩૫,૫૮૪/- મતાની ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પોસઈ.શ્રી એ.એન.તાવિયાડ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૫૭૭/૧૫</u>**

**નિકોલ :** લલ્લુભાઇ સાબજીભાઇ ભીમાણી (રહે.દાનવપાર્ક સોસાયટી, મુક્તિધામ એસ્ટેટની સામે, નિકોલ) તા.૨૬/૭/૧૫ રાતનાં ૮/૩૦ વાગ્યાના સુમારે ગંગોત્રી ચાર રસ્તા પાસે, ડોમીનોઝ પીઝાનાં પાર્કિંગમાં પોતાની કાર પાર્ક કરી હતી. દરમ્યાન કોઇ અજાણી વ્યક્તિ કારનો કાચ તોડી કારમાંથી (૧) ડાયમંડનું મંગળસુત્ર કિંમત રૂપિયા ૮૦,૦૦૦/- (૨) ચાંદિનું કડુ કિંમત રૂપિયા ૧૧,૬૦૦/- (૩) ઘડીયાળ કિંમત રૂપિયા ૧૫૦૦/- સેમસંગ મોબાઇલ કિંમત રૂપિયા ૨૭,૦૦૦/- (૫) લીનોવા મોબાઇલ કિંમત રૂપિયા ૮૭૫૭/- તથા રોકડ રૂપિયા ૨,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૬૨,૩૫૭/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ અંગેની ફરીયાદ લલ્લુભાઇ ભીમાણીએ તા.૪/૮/૧૫ નારોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન એન ચાવડા ચલાવે છે.

**<u>ટ્રેઇનની અડફેટે આવતાં મૃત્યુ :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૫૭૮/૧૫</u>**

**સાબરમતી :** ગણેશસિંહ દૌડાસિંહ કુશવાહ (ઉ.વ.૮૦)(રહે.ધરતી ફ્લેટ, ચાંદખેડા રેલવે સ્ટેશન પાછળ, આઇ.ઓ.સી. ફાટક પાસે, સાબરમતી) તા.૪/૮/૧૫ કલાક ૬/૫૦ વાગ્યાના સુમારે આઇ.ઓ.સી. ફાટક નજીક ટ્રેઇનની અડફેટે આવી જતાં, શરીરે ગંભીર ઇજાઓ થતાં તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોંધી, આ ગુનાની તપાસ હે.કો.શ્રી ગીરવરસિહ ગંભીરસિંહ ચલાવે છે.

**<u>અપમૃત્યુ :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૫૭૯/૧૫</u>**

**વસ્ત્રાપુર :** ધનશ્યામ પિતાંબરભાઇ સાધુ (ઉ.વ.૭)(રહે.હોકીટ ઓરીએંન્ટલ હાઉસ ધરતી ફ્લેટ, રાજપથ ક્લબ પાછળ) તા.૩/૮/૧૫ સવારનાં ૧૧/૦૦ વાગ્યાના સુમારે રહેણાંક નજીક આવેલ પાણીનાં હોજમાં નહાવા જતાં, હોજમાં ડુબી જતાં, સારવાર અર્થે તેને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરેલ હતો. જ્યાં સારવાર દરમ્યાન તેનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે વસ્ત્રાપુર પોલીસે અકસ્માત મોત નોંધી, આ ગુનાની તપાસ હે.કો.શ્રી સરફરાજખાન ગુલાબખાન ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)